મહાનગરપાલિકા પ્રશાસન દ્વારા તમામ સેનેટરી ઈન્સપેક્ટરને કામે લગાડ્યા : કેન્દ્ર સરકારમાંથી સર્વેક્ષણ કરવા પાંચ સર્વેયર સાથે ટીમના નડિયાદમાં ધામા

નડિયાદમાં સર્વેક્ષણ વિભાગ દ્વારા સ્વચ્છતા સર્વેક્ષણ હાથ ધરાયું

(પ્રતિનિધિ) નડિયાદ, તા.16

ભારત સરકારના સ્વચ્છ ભારત મિશન અંતર્ગત હાલ નડિયાદ શહેરમાં સ્વચ્છતા અંગે સર્વેક્ષણ શરૂ કરાયુ છે. એકાએક સર્વેક્ષણ શરૂ થતાં તંત્ર પણ સફાળુ જાગી ઉઠ્યુ છે અને તમામ સેનેટરી ઈન્સપેક્ટર્સને દિવસ-રાત એક કરી આખા શહેરને ઉતાવળે સ્વચ્છ કરી નાખવાના નિર્દેશ કરી દેવાયા છે.

ભારત સરકારના શહેરી વિકાસ વિભાગ દ્વારા સ્વચ્છ ભારત મિશન-અર્બન અંતર્ગત દર વર્ષે સ્વચ્છતા સર્વેક્ષણ થાય છે. આ વર્ષ માટે કેન્દ્ર સરકારમાંથી 5 સર્વેયર સાથે સર્વેક્ષણ કરવા ટીમ નડિયાદમાં મોકલી છે. આ ટીમ દ્વારા ગઈકાલે મંગળવારથી

શહેરના જુદા-જુદા વોર્ડમાં જાહેર માર્ગોથી માંડી અને આંતરીયાળ વિસ્તારોમાં પહોંચી સર્વેક્ષણ કરવામાં આવી રહ્યુ છે. આજે ચકલાસી ભાગોળ નજીક આ ટીમના સભ્ય દ્વારા ગંદકીથી ખદબદતી કાંસના ફોટોગ્રાફ્સ અપડેટ કરાયા હતા અને આ સિવાય ફતેપુરા રોડ પર અસહ્ય ગંદકીનો પણ ચિતાર ઉપર સુધી રજૂ કરાયો હતો. આ સિવાય શહેરના અન્ય વોર્ડમાં પણ હાલ સ્વચ્થતા સર્વેક્ષણ હેઠળ ખૂબ મોટા પાયે સર્વેક્ષણ ચાલી રહ્યુ છે ત્યારે મહાનગરપાલિકા પ્રશાસન દ્વારા તમામ સેનેટરી ઈન્સપેક્ટરને કામે લગાડ્યા છે. તેમજ સર્વેક્ષણની વચ્ચે તમામ સ્થાનો ચકાચક કરી નાખવા જણાવ્યુ છે. દર વર્ષે સર્વેક્ષણ સમયે આ પ્રકારે ખાસ સફાઈ અભિયાન હાથ ધરી અને સ્વચ્છ સ્થાનોનું જ સર્વેક્ષણ થાય તે માટે ખાસ ધ્યાન રખાય છે, પરંતુ હવે આ વખતે તો સર્વેક્ષણ કરવા આવેલી ટીમ દ્વારા ગંદકીથી ખદબદતી તમામ ખુલ્લી કાંસો અને આ સિવાય આંતરીયાળ વિસ્તારોની ગંદકીના ફોટોગ્રાફ્સનો પણ રીપોર્ટમાં સમાવેશ કરાયો છે. સ્વચ્છતા સર્વેક્ષણના આંકડા જાહેર થાય, ત્યારે નડિયાદની શું પરીસ્થિતિ હશે, તેની પર નજર રહેશે.

ક્વોલિફાઈડ સેનેટરી ઈન્સપેક્ટર પણ નથી.

નડિયાદ નગરપાલિકા સમયથી હાલ મહાનગરપાલિકામાં પણ ચીફ સેનેટરી ઈન્સપેક્ટરની કાયમી ભરતી કરાઈ નથી અને સેનેટરી ઈન્સપેક્ટરને ચીફ સેનેટરી ઈન્સપેક્ટરનો ચાર્જ આપી રખાયો છે. આ સાથે જ વોર્ડમાં ફાળવેલા સેનેટરી ઈન્સપેક્ટર્સ મોટાભાગે સબંધિત ક્વોલિફીકેશન ધરાવતા નથી. માત્ર ભલામણશાહીના આધારે કરાર પર રાખવામાં આવેલા હોવાથી સફાઈની સ્થિતિ ન સુધરતી હોવાની ચર્ચાઓ છે.

સ્વચ્છતા માટે પુરતા કર્મીઓ-સાધનો પણ નથી

નડિયાદ શહેરમાં સ્વચ્છતા માટે સેનેટરી વિભાગ પાસે પુરતા કર્મચારીઓ નથી. નગરપાલિકા સમયથીસ સફાઈ કર્મચારીઓની ભરતી કરાઈ નથી. આ સિવાય સફાઈના પુરતા સાધનો-વાહનો પણ નથી. જેથી એક વોર્ડમાં આજે જે વાહન ફાળવ્યુ હોય તે બાદમાં ફરી તે વોર્ડમાં મોકલવામાં દિવસોના દિવસો લાગી જાય છે.

ડોર ટુ ડોરનું સર્વેક્ષણ થાય તો પોલ ખુલશે

થોડા મહિનાઓ અગાઉ નડિયાદ નગરપાલિકા સમયે ધારાસભ્યની ઉપસ્થિતિમાં તંત્ર દ્વારા ડોર ટુ ડોરની કામગીરીનું ખાનગીકરણ કરી નાખ્યુ હતુ, જેમાં ક્લીન ઈન્ડિયા એજન્સીને કોન્ટ્રાક્ટ આપી અને એક ઘર દીઠ કચરો ઉઘરાવવા દૈનિક 33 રૂપિયા ચુકવણુ નક્કી કરાયુ હતુ. જેનો હિસાબ કરોડોમાં પહોંચે છે, ત્યારે આ વચ્ચે જો ડોર ટુ ડોરની વાસ્તવિકતા ચકાસવા સર્વેક્ષણ કરાય તો અનેક વિસ્તારોમાં હજુ ડોર ટુ ડોરની કોઈ જ સુવિધા ઉપલ્બ્ધ ન હોવાનું સ્પષ્ટ થાય તેવી સ્થિતિ છે.

સ્વચ્છતા માત્ર ફોટોસેશન પુરતી સમેટાઈ ગઈ

નડિયાદમાં નેતાઓ અને અધિકારીઓ દ્વારા સમાયાંતરે માત્ર ફોટોસેશન કરાવવા માટે ઝાડુ હાથમાં લઈ નીકળે છે અને બાદમાં શહેરની ગંદકી માટે નગરજનો પર દોષનો ટોપલો ઠાલવી દેવાય છે. પરંતુ સ્વચ્છતા માટે કોઈ ચોક્કસ રોડમેપ નક્કી કરી કામગીરી કરાતી નથી.

કોર્પોરેશન બન્યા બાદ સફાઈ મુદ્દે જાગૃતિ જોવા મળી નથી.

સોખડાના ગ્રામજનોનો લોક સુનાવણીમાં હોબાળો

દરિયા અને ભૂગર્ભમાં કેમિકલ છોડવામાં આવતાં સજીવ સૃષ્ટિ અને પર્યાવરણને ભારે નુકશાન થતું હોવાની રજૂઆત

(પ્રતિનિધિ) ખંભાત, તા.16

ખંભાતના તાલુકાના સોખડા ખાતે મેસર્સ યુનિટી ડાયકેમ કંપનીના કારણે સોખડા વિસ્તારમાં ભારે મુશ્કેલીઓ સર્જાઈ રહેલ છે. આ સંદર્ભે લોક સુનાવણી યોજાઈ હતી. લોક સુનાવણી દરમિયાન ઉપસ્થિત ગ્રામજનોએ કેમિકલ અને ગેસથી વેઠવી પડતી મુશ્કેલીઓના કારણે ઉગ્ર વિરોધ નોંધાવ્યો હતો

મળતી માહિતી મુજબ ખંભાતના સોખડા ખાતે ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા મેસર્સ યુનિટી ડાયકેમ પાઈવેટ લિમિટેડ

કંપનીની કલેક્ટર પ્રવીણ ચૌધરી અને પ્રદુષણ નિયંત્રણ બોર્ડના રિઝનલ ઓફિસર માર્ગીબેન પટેલની અધ્યક્ષતામાં લોકસુનાવણી યોજવામાં આવી હતી.જે દરમિયાન મામલતદાર,આસપાસના ગામના સરપંચો, ગ્રામજનો, કંપનીના માલિકો, હાજર રહ્યા હતા.

નોંધનીય છે કે, મેસર્સ યુનિટી ડાયકેમ પાઈવેટ કંપનીની લોક સુનાવણી દરમિયાન ડેપ્યુટી સરપંચ અને ગ્રામજનોએ ઉગ્ર રજૂઆતો કરી હોબાળો મચાવી વિરોધ નોંધાવ્યો હતો.અને જયંતિભાઈ પટેલ (સાધુકાકા) ની મેસર્સ યુનિટી ડાયકેમ કંપની ચાલુ ન કરવા જણાવ્યું હતું.

લોક સુનાવણી દરમિયાન કલેક્ટર અને પ્રદુષણ નિયંત્રણ બોર્ડના અધિકારી સમક્ષ રજૂઆત કરી હતી કે, સોખડા વિસ્તારમાં કેમિકલ અને ઝેરી ગેસ છોડતી આસપાસના ખેતીલાયક જમીનો, ગ્રામજનોને શ્વાસ લેવામાં તફલીફ, ચામડીના રોગો, પશુઓને પણ આરોગ્ય જોખમાય છે.ઝેરી ગેસ તેમજ કેમિકલને કારણે પાકનો ઉતારામાં ઘટાડો નોંધાયો છે.દરિયા અને ભૂગર્ભમાં પાઈપ લાઈન મારફતે ગેરકાયદેસર કેમિકલ છોડવામાં આવી રહ્યું છે.જેનાથી સજીવ સૃષ્ટિ અને પર્યાવરણને ભારે નુકશાન થઈ રહ્યું છે.કંપનીઓ સ્થાનિક યુવાનોને રોજગારી આપવામાં ભેદભાવની નીતિ અપનાવે છે.સદર કંપની કોઈ

રજૂઆતોને કેન્દ્રીય પ્રદુષણ નિયંત્રણ બોર્ડને મોકલાશે

ખંભાતના સોખડા ખાતે મેસર્સ યુનિટી ડાયકેમ કંપનીની લોક સુનાવણી યોજાઈ હતી આ દરમિયાન કેમિકલ અને ગેસથી ત્રસ્ત ગ્રામજનોએ વિરોધ નોંધાવ્યો હતો. આ અંગે કલેક્ટર પ્રવીણ ચૌધરીએ જણાવ્યું હતું કે, લોકસુનાવણી દરમિયાન ગ્રામજનો દ્વારા રજૂઆતો કરવામાં આવી હતી. જે રજૂઆતોને ધ્યાનમાં લઇ ભારત સરકારના કેન્દ્રીય પ્રદુષણ નિયંત્રણ બોર્ડને મોકલી આપવામાં આવશે.અને ઉચ્ચ કચેરી દ્વારા યોગ્ય નિર્ણય કરવામાં આવશે તે બાદ કંપની શરૂ કરવી કે નહી તે દિશામાં કાર્યવાહી કરવામાં આવશે.

પણ શરતે ચાલુ ન થવી જોઈએ.

ઉમરેઠમાં વીમા માટે યુવકના મોતને એક્સિડન્ટમાં ખપાવવા કોશિષ કરી

ભેખડ ધસી પડતા મૃત્યુ પામેલા યુવકના બનાવમાં ટ્રેક્ટર હડફેટે મોત થયાની વાત ઘડી કાઢી

(પ્રતિનિધિ) ઉમરેઠ તા.16

ઉમરેઠમાં રહેતાં જગદીશ વિક્રમભાઈ ઝાલા 4થી એપ્રિલ, 2022ના રોજ ટ્રેક્ટર નં.જીજે 23 એસી 5823 પર મજુરી કામ કરવા ગયા હતા, જે દરમિયાન ટ્રેક્ટરના ચાલકે બેદરકારીપૂર્વક ચલાવતા અકસ્માત થયો હતો. જેમાં જગદીશ વિક્રમભાઈ ઝાલાને ઈજા થતાં સારવાર દરમિયાન 5મી એપ્રિલના રોજ મૃત્યું નિપજ્યું હતું. આ અંગે વીમા કંપનીના રાજીવકુમાર મિશ્રાએ તપાસ કરતાં જગદીશ, ધર્મેન્દ્ર અને દેવરાજ એમ ત્રણ જણ અર્જુન ઝાલાના ટ્રેક્ટર-ટ્રોલીમાં માટી ભરવાનું કામ કરતાં હતાં. દરમિયાન સો ફુટ ઉપરથી માટીની ભેખડ ધસી પડતાં બે માણસો ખસી ગયાં હતાં. પરંતુ જગદીશ ગળા સુધી માટીમાં દબાઈ ગયો હતો. આથી, તેને તાત્કાલિક બહાર કાઢી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં મૃત્યું નિપજ્યું હતું. આ અંગે ટેલીફોન વર્ધી, ટ્રેક્ટરના માલિક - ચાલકના નિવેદનનો અભ્યાસ કરતાં વીમા ધારક ટ્રેક્ટરની કોઈ સીધી સંડોવણી નથી. પરંતુ આ બનાવને રોડ વાહન અકસ્માતમાં ખપાવી દેવાની કોશિષ કરવામાં આવી હતી. જગદીશભાઈના વારસો સાથે મળીને ટ્રેક્ટરના માલિક ભલા ભીમા ઝાલા અને ટ્રેક્ટરના ચાલક અર્જુન ભલા ઝાલાએ ટ્રેક્ટરની વીમા કંપની તરફથી ખોટી રીતે કલેઈમ મેળવવા માટે ખોટી માહિતી રજુ કરી હતી. આખરે સમગ્ર મામલાનો ભાંડો ફુટ્યો હતો. જેમાં ઝાલા વિક્રમ પ્રતાપ તથા ઝાલા સુધાબહેન વિક્રમ (બન્ને રહે. સુંદલપુરા) તથા અન્ય મદદગારો અર્જુનસિંહ, ભલાભાઈ (બન્ને રહે. જેતવાળુ ફળીયું, ઉમરેઠ)એ વીમા કંપની તરફથી ખોટી માહિતી રજુ કરી ખોટી રીતે ક્લેઈમ મેળવવા માટે કોર્ટમાં રજુઆત કરી હતી.

આ અંગે ઉમરેઠ પોલીસે રાજીવકુમાર મિશ્રાની ફરિયાદ આધારે વિક્રમ, પ્રતાપ ઝાલા, સુધાબહેન, અર્જુનસિંહ અને ભલાભાઈ સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

બે જણાંએ દોડી આવી વીજ મીટર લઇ તોડી નાંખ્યું

આંકલાવમાં વીજ ચેકીંગ કરતી ટીમ પર હુમલો

વીજ મીટર કાપી નાંખતા ગ્રાહકે ઉશ્કેરાઇ ઝપાઝપી કરી

(પ્રતિનિધિ) આંકલાવ તા.16

આંકલાવના આંબા વાડીયા વિસ્તારમાં વીજ ચેકીંગ કરતી ટીમ પર ગ્રાહકે હુમલો કર્યો હતો. આ શખ્સો વીજ ચોરીમાં પકડાયાં હતાં. જેથી કનેકશન આપી કાર્યવાહી કરતાં હુમલો કર્યો હતો. આ અંગે આંકલાવ પોલીસે 3 શખ્સ સામે ગુનો નોંધ્યો હતો.

ઉમરેઠના ભાલેજ ગામમાં રહેતા મહંમદઆમીર ઝાકીરહુસેન મીયાણા ઠાકોર બોરસદ મધ્ય ગુજરાત વીજ કંપનીમાં વિદ્યુત સહાયક તરીકે ફરજ બજાવે છે. મહંમદઆમીર 15મી એપ્રિલના રોજ ફરજ પર હતો તે સમયે વડોદરા વડી કચેરીથી વીજીલન્સ દ્વારા રાસ, બોરસદ ગ્રામ્ય તથા આંકલાવ ખાતે અલગ અલગ ટીમ બનાવી વીજ જોડાણ ચેકીંગની કામગીરી રાખી હતી. જેમાં મહંમદઆમીરની ટીમ આંકલાવ ટાઉન વિસ્તારમાં વીજ ચેકીંગની કામગીરી શરૂ કરી હતી. તેઓ આંબાવાડી વિસ્તારમાં રહેતાં એક ગ્રાહકને ત્યાં વીજ ચેકીંગ કરતા ક્લીપ ઓન મીટરથી વીજ મીટરમાં ગ્રાહકના ઘરે લગાવેલા વીજ મીટરમાં એમપીઆરમાં ફેરફાર જણાયાં હતાં. આથી, તપાસ કરતાં વીજ મીટરમાં લીંક મારી વીજ ચોરી કરતાં હતાં. આથી, તપાસ કરતાં તે સિરાજ માધવસંગ રાજનું વીજ જોડાણ હતું. આથી, જુનિયર ઈજનેર અશોકભાઈએ કાર્યવાહી શરૂ કરી હતી અને વીજ જોડાણ કાપીને મીટર ઉતારી દીધું હતું. આથી, સીરાજ ઉશ્કેરાઈ ગયો હતો અને જુનિયર ઈજનેર પર હુમલો કરી ઝપાઝપી કરી ચેકીંગ સીટ ફાડી નાંખી હતી. આ ઉપરાંત બુમાબુમ કરતા પરવેઝ, ફારૂક તમે વીજ મીટર તોડી નાંખો. તેમ કહેતાં બન્ને જણ દોડી આવ્યાં હતાં અને વીજ મીટર લઈ તોડી નાંખ્યું હતું. આ ઝપોઝપીમાં મહંમદઆમીરને પણ હાથ પર ઈજા પહોંચી હતી. જોકે, બીજી ટીમના માણસો આવી જતાં સિરાજ માધવસંગ રાજ, પરવેઝ સિરાજ રાજ અને ફારૂક સિરાજ રાજ ભાગી ગયાં હતાં. આ અંગે આંકલાવ પોલીસ મથકે ફરિયાદ આપતા પોલીસે સિરાજ, પરવેઝ અને ફારૂક સામે ગુનો નોંધ્યો હતો.

ઉમરેઠ તથા આસપાસના 40 ગામોના દર્દીઓને સારવાર મળી રહેશે

ઉમરેઠ ખાતે ₹ 5.18 કરોડના ખર્ચે અદ્યતન પ્રા. આરોગ્ય કેન્દ્ર તૈયાર

ઉમરેઠ સહિત 40 ગામના દર્દીઓને સારવાર માટે આણંદ કે નડિયાદ સુધી ધક્કો ખાવો નહીં પડે

(પ્રતિનિધિ) ઉમરેઠ તા.16

ઉમરેઠ ખાતે 5.18 કરોડના ખર્ચે અદ્યતન પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનું બિલ્ડીંગ બનાવવામાં આવ્યું છે. આ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં ઉમરેઠ તથા આસપાસના 40 ગામોના દર્દીઓને સારવાર મળી રહે છે. બે માળના આધુનિક સગવડતા સભર આ આરોગ્ય કેન્દ્રથી દર્દીઓને સારવાર માટે આણંદ, નડિયાદ સુધી લાંબા થવું

પડશે નહીં.

ઉમરેઠ નગરપાલિકાના ટાઉન હોલ પાસે રૂ.5.18 કરોડના ખર્ચે અદ્યતન પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર બનાવવામાં આવ્યું છે. બે માળના આ આરોગ્ય કેન્દ્રમાં ગ્રાઉન્ડ ફ્લોર પર 7 રૂમ ઓપીડી માટે બનાવવામાં આવ્યાં છે. જેમાં 2 રૂમ મેડિકલ ઓફિસર, કેસબારી, એક્સ-રે વિભાગ, સ્ટાફ ડ્રેસીંગ રૂમ, લેબોરેટરી વિભાગ, સોનોગ્રાફી, ગાયનેક વિભાગ, ફિજીયોથેરાપી, ડેન્ટલ, લેબર વિભાગ, ફાર્મસી રૂમની સગવડ આપવામાં આવી છે.

દર્દીને આપાત્કાળમાં બ્લડ મળી રહે તે માટે બ્લડ સ્ટોરેજ માટે કોલ્ડ રૂમની પણ સગવડ આપવામાં આવી છે. બીજા માળ પર ઓપરેશન થિયેટર, 15 બેડનો સ્ત્રી જનરલ વોર્ડ, 15 બેડનો પુરુષ જનરલ વોર્ડ, કિડની ડાયાલિસિસ વિભાગ, રિકવરી રૂમ, સ્પેશિયલ રૂમ જેવી તમામ સ્વાસ્થ્યને લાગતી સુવિધા ઉભી કરવામાં આવી છે. આ ઉપરાંત હોસ્પિટલમાં પોસ્ટમોર્ટમ રૂમ, ફાયર સેફ્ટી રૂમ, નવજાત શિશુ માટેનો રૂમ, એનેસ્થેસિયા વિભાગ પણ તૈયાર કરવામાં આવ્યો છે. ઉમરેઠ તથા આજુબાજુના ગામના પ્રજાજન નવા બનેલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના લોકાર્પણની રાહ જોઈને બેઠા છે.

બે મેડિકલ ઓફિસર સહિત 10નો સ્ટાફ ફાળવાશે

ઉમરેઠના નવીન પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં વર્તમાન મહેકમ જેમાં 2 મેડિકલ ઓફિસર, 1 ડેન્ટલ, 1 પિડીયાટ્રીશન, 5 નર્સ, 1 ટેકનિકલ, 1 લેબ ટેકનીશિયન, 1 એમ્બ્યુલન્સ ડ્રાઈવર, 1 ટીબી સુપરવાઈઝર, 1 ફાર્માસિસ્ટ અને વર્ગ 4ના 10 લોકો હશે.

આણંદ જિલ્લામાં ઋતુજન્ય બીમારીના કેસોનું પ્રમાણ વધ્યું

આરોગ્યકેન્દ્રો ઉપર મહદઅંશે ધ્યાને લેતા સરેરાશ દોઢસોથી વધુ દર્દીઓને સારવાર નિદાન

(પ્રતિનિધિ) આણંદ, તા.16

આણંદ જિલ્લામાં ઉનાળાનો કાળઝાળ મિજાજ પ્રગટ થતા ઋતુજન્ય, પાણીજન્ય બીમારીના છૂટક કેસો જોવા મળી રહ્યા છે. જિલ્લા નાં 14 સામુહિક આરોગ્યકેન્દ્રો, 53 પ્રાથમિક આરોગ્યકેન્દ્રો, ૮ અર્બન હેલ્થ સેન્ટરો, પેટા પ્રાથમિક આરોગ્યકેન્દ્રો ઉપર ઋતુજન્ય બીમારીઓના સામાન્ય ઝાડા કે ઉલટીના કેસો નોંધાઈ રહ્યા હોવાનું જિલ્લા આરોગ્ય વિભાગના સુત્રોએ જણાવ્યું છે.

જિલ્લામાં ઉનાળું ઋતુ કાળઝાળ બનતાં આરોગ્ય વિષયક સમસ્યાઓ વકરી છે. જેમાં તાવ, માથાનો દુખાવો, ચક્કર, હાઈ લો બી.પી, નસકોરી ફૂટવી, અર્ધ બેભાન થવાના કેસોની સાથે સાથે દુષિત પાણી કે ખુલ્લા વાસી ખાદ્ય પદાર્થો આરોગવાથી સામાન્ય ઝાડા ઉલટીના છૂટક કેસો જોવા મળી રહ્યા છે. જેમાં 14 સામુહિક આરોગ્ય કેન્દ્રો, 53 પ્રાથમિક સ્વાસ્થ્ય કેન્દ્રો, 8 અર્બન હેલ્થ સેન્ટરો તેમજ પેટા પ્રાથમિક આરોગ્યકેન્દ્રો તેમજ અન્ય સરકારી દવાખાના, આરોગ્યકેન્દ્રો ઉપર ઋતુજન્ય બીમારીઓના કેસો નોંધાઈ રહ્યા હોઈ તમામ સરકારી આરોગ્યકેન્દ્રો ઉપર મહદઅંશે ધ્યાને લેતા સરેરાશ દોઢસોથી વધુ કેસો નોંધાતા હોવાનો અંદાજ સેવાઈ રહ્યો છે.

વિરપુરમાં નવનિર્મિત એસ.ટી. બસ સ્ટેશનનું લોકાર્પણ કરાયું

અગાઉ બસ સ્ટેન્ડ જર્જરિત થતાં નવું બસ સ્ટેન્ડ બનાવવામાં આવ્યું હતું

(પ્રતિનિધિ) વિરપુર, તા.16

મહીસાગર જિલ્લાના વિરપુર ખાતે રૂ. 213.20 લાખના ખર્ચે નિર્માણ પામેલા નવીન એસ.ટી. બસ સ્ટેશનનું લોકાર્પણ પંચમહાલના સાંસદ રાજપાલસિંહ જાદવના હસ્તે કરવામાં આવ્યું હતું. આ અવસરે જિલ્લા પંચાયતના પ્રમુખ બાબુભાઈ પટેલ, ધારાસભ્ય માનસિંહ ચૌહાણ, ભુમીદાતા મુકેશભાઈ શુક્લ, અંબાલાલ શાહ તથા અનેક અધિકારીઓ અને સ્થાનિક આગેવાનો હાજર રહ્યા હતા.લોકાર્પણ પ્રસંગે સંબોધન કરતાં સાંસદ રાજપાલસિંહ જાદવે જણાવ્યું હતું કે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી

અને મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની ડબલ એન્જિન સરકાર દ્વારા ગામડાં સુધી શહેર જેવી આધુનિક સુવિધાઓ પહોંચાડવામાં આવી રહી છે. તેમણે જાહેર મિલકતને સાચવવા અને સ્વચ્છતા જાળવવા માટે નાગરિકોની ભાગીદારી મહત્વપૂર્ણ હોવાનું જણાવ્યું હતું.ઉપરાત નવીન બસ સ્ટેન્ડ બનાવવા શુક્લ પરિવાર દ્વારા જમીન દાનમાં આપવામાં આવી હતી કાર્યક્રમમાં જિલ્લા શિક્ષણ સમિતિના ચેરમેન પિનાકીન શુક્લ, ભૂમિ દાતા ખેડા જિલ્લા પંચાયત પુર્વ પ્રમુખ મુકેશ શુક્લ અંબાલાલ શાહ સહિત વિવિધ અધિકારીઓ અને અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

એનઆરઆઈ સાયન્સ એન્ડ ટેકનોલોજી ક્ષેત્ર ભારત અને દુનિયા વચ્ચે સેતુ સમાન છે

ચારુસેટમાં વિદેશ મંત્રી ડો. એસ. જયશંકરે 'ચેન્જિંગ વર્લ્ડ: ઓપોર્ચ્યુનિટીઝ એન્ડ ચેલેન્જીસ' વિશે પ્રવચન આપ્યું

(પ્રતિનિધિ) આણંદ તા.16

ચાંગા સ્થિત ચારુસેટ કેમ્પસ ખાતે કેન્દ્ર સરકારના વિદેશ મંત્રી ડો. એસ. જયશંકરે મુલાકાત લઈ 'ચેન્જિંગ વર્લ્ડ: ઓપોર્ચ્યુનિટીઝ એન્ડ ચેલેન્જીસ' થીમ પર ચાવીરૂપ પ્રવચન આપ્યું હતું. તેઓએ ચારુસેટના વિદ્યાર્થીઓ સાથે સંવાદ સાધી વિદ્યાર્થીઓએ પુછેલા સવાલોના માહિતીસભર જવાબો આપ્યા હતા.

આ પ્રસંગે ડો. એસ. જયશંકરે જણાવ્યું હતું કે, રાષ્ટ્રને

મહાન બનાવવા માટે ઉચ્ચ ગુણવત્તાયુક્ત શૈક્ષણિક સંસ્થાઓ દેશભરમાં સ્થાપવામાં આવી છે. આવી સંસ્થાઓના સહયોગથી જ ભારત મહાન રાષ્ટ્ર બનશે. છેલ્લા દસ વર્ષમાં દેશમાં તમામ ક્ષેત્રોમાં આમૂલ પરિવર્તન આવ્યું છે. ભારત આજે આત્મવિશ્વાસ સાથે દુનિયાની સાથે કદમ મિલાવી પડકારોનો સામનો કરી નવી તકોના સર્જન થકી વડાપ્રધાનના વિકસિત ભારત @2047 ના સંકલ્પને સાકાર કરવા આગળ વધી રહ્યું છે.

વિદેશમંત્રીએ સરદાર વલ્લભભાઈ પટેલની વિઝનરી લીડરશીપને યાદ કરીને ભાવાજંલી અર્પણ કરતાં જણાવ્યું હતું કે, વિદેશમાં વસતા ભારતીયો સાયન્સ એન્ડ ટેકનોલોજી ક્ષેત્ર ભારત અને દુનિયા વચ્ચે સેતુ બનવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી શકે છે.

આ અગાઉ ચારૂસેટ કેમ્પસમાં ડો. એસ. જયશંકરનું સુરેન્દ્રભાઈ પટેલ અને અન્ય મહાનુભાવોએ સ્વાગત કર્યું હતું. મંત્રીએ મેનેજમેન્ટ, પ્રિન્સીપાલ, ડીન સાથે વાર્તાલાપમાં ચારૂસેટ વિશે માહિતી મેળવી હતી. બાદ કેમ્પસ વિઝીટ દરમિયાન વિવિધ વિભાગોની મુલાકાત લીધી હતી. આ પ્રસંગે તેઓના હસ્તે CSPITમાં એમ. એસ. પટેલ ડીપાર્ટમેન્ટ ઓફ સિવિલ એન્જિનીયરીંગમાં નવનિર્મિત વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સ્વાગત પ્રવચન કરતા પ્રોવોસ્ટ ડો. આર. વી. ઉપાધ્યાયે અને મહેમાનોનો પરિચય આપ્યો હતો.

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

ગતિવિધિ

આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.

આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509

નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com